1. પાર્સન્સ કઈ ક્રિયાને સામાજિક ક્રિયા કહે છે?

➢ પાર્સન્સ વ્યક્તિની ધ્યેય અભિમુખ ક્રિયાને સામાજિક ક્રિયા કહે છે.

2. સામાજિક આંતરક્રિયા માટે કઈ બાબત જરૂરી છે?

➢ સામાજિક આંતરક્રિયા માટે સંપર્ક જરૂરી છે અને સંપર્ક માટે ભૌતિક કે સંવેદનાવાહક માધ્યમની જરૂર પડે છે.

3. 'સ્વ' એટલે શું?

➢ 'સ્વ' એટલે વ્યક્તિત્વ કે ચરિત્ર. વ્યક્તિનું વ્યક્તિત્વ એ પ્રવત્તિ અને પ્રત્યાઘાતોનું કેન્દ્ર છે. ક્રિયા કરાવનાર 'સ્વ' છે અને 'સ્વ'નું ઘડતર સમાજ કરે છે.

4. 'ધ્યેય' એટલે શું?

➢ ધ્યેય વ્યક્તિના 'સ્વ'ની કલ્પના છે. ધ્યેયમાં ભવિષ્યકાળનો સંદર્ભ છે. ધ્યેય એટલે વર્તમાનકાળમાં અસ્તિત્વ ધરાવતી નથી એવી ભવિષ્યની સ્થિતિ જેને કલ્પના દ્વારા જાણી શકાય છે.

5. 'શરત' એટલે ?

➢ જે અવરોધોનું ઉલ્લંઘન કરી શકાય તેમ ન હોય તેને 'શરત' કહે છે. શરતો એટલે એવી બાબતો જેને પાર કર્યા વિના ધ્યેય પ્રાપ્ત થઈ શકે નહિ.

6. પ્રત્યક્ષ અને પરોક્ષ સ્પર્ધા કોને કહેવાય?

➢ હરીફો મોઢામોઢનો સંપર્ક ધરાવતા હોય અને ભૌતિક રીતે નિકટ હોય, તેઓ એકબીજાના હરીફથી સભાન હોય અને નિયમોને આધીન રહી પરસ્પર એકબીજા પહેલાં ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે તેને પ્રત્યક્ષ સ્પર્ધા' કહેવાય. હરીફો પરસ્પરથી પરિચિત ન હોય, મોઢામોઢનો સંપર્ક ધરાવતા ન હોય અને ભૌતિક રીતે નિકટ ન હોય, તેઓ એકબીજાના હરીફથી સભાન ન હોય અને નિયમોને આધીન રહી પરસ્પર એકબીજા પહેલાં ધ્યેય પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે તેને 'પરોક્ષ સ્પર્ધા' કહેવાય.

7. 'આડી ગતિશીલતા' એટલે શું?

➢ એક સ્થાન પરથી સમાન સ્તરના બીજા સ્થાન પર સ્થળાંતર એટલે 'આડી ગતિશીલતા', વ્યક્તિ કે જૂથનું સ્થાન બદલાય, પરંતુ તેના સ્તર કે દરજ્જામાં કોઈ પરિવર્તન ન આવે તેવી ગતિશીલતાને 'આડી ગતિશીલતા' કહેવાય.

8. "ઊભી ગતિશીલતા" એટલે શું?

➢ જ્યારે વ્યક્તિ કે જૂથના સ્થાનફેરની સાથે તેનું સ્તર પણ બદલાય તેવી ગતિશીલતાને 'ઊભી ગતિશીલતા' કહેવાય. ઊભી ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથના સ્થાન બદલાવની સાથે પ્રતિષ્ઠા, આવક અને સત્તામાં નોંધપાત્ર બદલાવ આવે છે.

9. ધ્યેય નક્કી કરવામાં કઈ બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે ?

- વ્યક્તિના ધ્યેય નક્કી કરવામાં અંગત મૂલ્યો, જરૂરિયાત,સામાજિક ધોરણો, સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો વગેરે બાબતો મહત્ત્વનો ભાગ ભજવે છે.

10.સામાજિક સંબંધ શેના દ્વારા શક્ય બને છે?

- માનવીએ પોતાનો વ્યવહાર ચલાવવા, વ્યવસ્થા જાળવવા, સામાજિક સંબંધો જાળવવા કેટલીક સંજ્ઞાઓ નક્કી કરી છે. આ સંજ્ઞાઓ દ્વારા સામાજિક સંબંધ શક્ય બને છે.

11.મેક્સવેબરના મતે 'સામાજિક ક્રિયા' એટલે શું?

- મેક્સવેબરના મતે, "વ્યક્તિની અર્થપૂર્ણ ક્રિયા જે અન્ય વ્યક્તિની અસરમાં થઈ હોય તેને સામાજિક ક્રિયા' કહે છે."

12.પાર્સન્સે સામાજિક ક્રિયાનાં ક્યાં તત્ત્વો દર્શાવ્યાં છે?

- પાર્સન્સે સામાજિક ક્રિયાનાં આ ચાર તત્ત્વો દર્શાવ્યાં છે :
  (1) 'સ્વ' અથવા ક્ત, (2) ધ્યેય અથવા લક્ષ્ય, (3) શરતો અથવા સંજોગો અને (4) સાધનો.

13.વ્યક્તિના 'સ્વ'ને સમજવાથી કઈ બાબત જાણવા મળે છે?

- વ્યક્તિના 'સ્વ'ને સમજવાથી વ્યક્તિની આત્મલક્ષી બાબત જાણવા મળે છે.

14.ધ્યેયપ્રાપ્તિમાં કયા ત્રણ પ્રકારના અવરોધો આવતા હોય છે?

- ધ્યેયપ્રાપ્તિમાં આ ત્રણ પ્રકારના અવરોધો આવતા હોય છે :
  (1) કતની શારીરિક શક્તિ, (2) ભૌગોલિક પર્યાવરણ અને (3) સામાજિક પર્યાવરણ .

15.'સાધનો' એટલે શું?

- સાધનો એટલે વ્યક્તિની પરિસ્થિતિનાં એવાં પાસાં અથવા પરિબળો કે જેમના પર તેનો કાબૂ હોય છે અને તે તેના ધ્યેયની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ થઈ શકે છે.

16.સામાજિક આંતરક્રિયા માટે વ્યક્તિ કે જૂથ કયા માધ્યમનો ઉપયોગ કરે છે ?

- સામાજિક આંતરક્રિયા માટે વ્યક્તિ કે જૂથ ભાષા, વાણી, અંગચેષ્ટા, હાવભાવ, રેડિયો, ટેલિવિઝન, વર્તમાનપત્રો, ફિલ્મો વગેરે સમૂહ માધ્યમોનો ઉપયોગ કરે છે. જો કે આવાં સમૂહ માધ્યમો સામાજિક અર્થ ધરાવતા હોવા જોઈએ.

17.સામાજિક આંતરક્રિયાનાં લક્ષણો જણાવો.

➢ સામાજિક આંતરક્રિયાનાં ત્રણ લક્ષણો છે : (1) બે કે તેથી વધુ પક્ષો, (2) માધ્યમ અને (3) પારસ્પરિક અસર.

18.સામાજિક આંતરક્રિયામાં કઈ આંતરિક અસર થાય છે?

➢ સામાજિક આંતરક્રિયામાં વલણ, માન્યતા, હિતો, અપેક્ષા વગેરે જેવી આંતરિક અસર થાય છે.

19. સમાજશાસ્ત્રી ડેવિસે આંતરક્રિયાના કયા ત્રણ પ્રકારો દર્શાવ્યા છે?

➢ સમાજશાસ્ત્રી ડેવિસે આંતરક્રિયાના આ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે : (1) સહકાર, (2) સ્પર્ધા અને (3) સંઘર્ષ.

20. ફેર ચાઇલ્ડના મતે 'સહકાર' એટલે શું?

➢ ફેર ચાઇલ્ડના મતે, "સહકાર એવી પ્રક્રિયા છે જેના દ્વારા વ્યક્તિ કે જૂથ સંગઠિત થઈ પોતાના પ્રયત્નોથી સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે ભેગા મળે છે."

21. મકાઇવરે સહકારના કયા બે પ્રકાર દર્શાવ્યા છે?

➢ મકાઇવરે સહકારના આ બે પ્રકાર દર્શાવ્યા છે : (1) પ્રત્યક્ષ સહકાર અને (2) પરોક્ષ સહકાર.

22. 'સહકાર' એટલે શું? એક દૃષ્ટાંત આપો.

➢ કોઈ પણ બે પક્ષો પરસ્પરની ધ્યેયપ્રાપ્તિ માટે એકબીજાને મદદ કરે અથવા કોઈ પક્ષ સમાન ધ્યેયની પ્રાપ્તિ માટે સાથે મળીને પ્રવૃત્તિ કરે તેને 'સહકાર' કહેવાય. સહકારી મંડળીઓ, દૂધ મંડળીઓ સહકારનાં ઉદાહરણો છે.

23.'પ્રત્યક્ષ સહકાર' એટલે શું?

➢ કોઈ પણ બે પક્ષો પરસ્પરની ધ્યેયપ્રાપ્તિ માટે સીટ અને સંયુક્ત પ્રયાસ કરે તે પ્રત્યક્ષ સહકાર' છે. પ્રાથમિક જૂથોમાં પ્રકારનો સહકાર મુખ્ય હોય છે.

24."પરોક્ષ સહકાર" એટલે શું?

➢ સમાન ધ્યેય પ્રાપ્ત કરવા માટે જુદી જુદી વ્યક્તિઓ શ્રમવિભાજનની રીતે જુદી જુદી પ્રવૃત્તિઓ કરે અને એકબીજાને મદદરૂપ થાય ત્યારે તેને 'પરોક્ષ સહકાર' કહેવાય. વિશાળ જૂથોમાં આ પ્રકારનો સહકાર મુખ્ય હોય છે.

25.સહકાર શામાંથી જન્મે છે ?

➢ માનવી અનેકવિધ જરૂરિયાતો ધરાવે છે. બીજાની મદદ વિના વ્યક્તિ એકલો આ જરૂરિયાતોને સંતોષી શકતો નથી. આ માટે તેણે સમાજમાંથી અન્ય વ્યક્તિની મદદ લેવી પડે છે. આ ઘટનામાંથી સહકાર જન્મે છે.

### 26.સહકારની પ્રક્રિયા રચનાત્મક કેમ ગણાય છે?

- સહકારથી સાથે કામ કરનારા લોકો કામકાજની વહેંચણી કરીને પોતાનું સહિયારું ધ્યેય પ્રાપ્ત કરતા હોય છે. સહકારની સામાજિક આંતરક્રિયા વ્યક્તિઓ કે જૂથો વચ્ચે એકતા વિકસાવે છે. સહકાર લોકોને જોડવાનું કામ કરે છે. સમાજના દરેક સમૂહમાં સહકારની પ્રક્રિયા અનિવાર્ય છે. આમ, સહકારની પ્રક્રિયા રચનાત્મક છે.

### 27.'સ્પર્ધા' એટલે ?

- બે કે તેથી વધુ વ્યક્તિઓ કે જૂથોનું ધ્યેય એક જ હોય અને એક જૂથ બીજા જૂથ કરતાં પહેલાં ધ્યેય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે ત્યારે તે પ્રક્રિયાને 'સ્પર્ધા' કહે છે.

### 28.ફેર ચાઇલ્ડના મતે 'સ્પર્ધા' એટલે ?

- ફેર ચાઇલ્ડના મતે, "સ્પર્ધા એટલે ઓછી વસ્તુઓના ઉપયોગ કે અધિકારો માટે કરવામાં આવતા પ્રયત્નો."

### 29.સ્પર્ધાના પ્રકાર કેટલા? કયા કયા?

- સ્પર્ધાના બે પ્રકાર છે : (1) પ્રત્યક્ષ સ્પર્ધા અને (2) પરોઢ સ્પર્ધા.

### 30.સ્પર્ધા એ સંઘર્ષ વિરુદ્ધની ઘટના સાથી છે?

- મર્યાદિત ધ્યેયોને પ્રાપ્ત કરવા માટે અનેક વ્યક્તિઓ વચ્ચે સ્પર્ધા થતી હોય છે. સ્પર્ધા માટેના નિયમો હોય છે. વ્યક્તિ કે જૂથે આ નિયમોની મર્યાદામાં રહીને ધ્યેયપ્રાપ્તિ કરવાની હોય છે. સ્પર્ધામાં શારીરિક બળનો ઉપયોગ કરવાનો હોતો નથી. જો સ્પર્ધામાં નિયમોનું પાલન થાય, તો તે તંદુરસ્ત સ્પર્ધા કહેવાય. પરંતુ વ્યક્તિ કે જૂથ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે તે સંઘર્ષ બને છે. આમ, સ્પર્ધા એ સંઘર્ષ વિરુદ્ધની ઘટના છે.

### 31.સંઘર્ષના મુખ્ય પ્રકાર જણાવો.

- સંઘર્ષના મુખ્ય ચાર પ્રકાર આ પ્રમાણે છે : (1) પ્રત્યે સંઘર્ષ અને પરોક્ષ સંઘર્ષ, (2) આંશિક સંઘર્ષ અને સંપૂર્ણ સંધ : (3) વ્યક્તિગત સંઘર્ષ અને જૂથ સંઘર્ષ તથા (4) આંતરિક સંઘર્ષ અને બાહ્ય સંઘર્ષ.

### 32.વ્યક્તિગત સંઘર્ષ કોને કહેવાય?

- બે વ્યક્તિઓ વચ્ચેના સંઘર્ષને વ્યક્તિગત સંઘર્ષ કહેવાય. દા. ત., બે પડોશી વચ્ચેનો સંઘર્ષ.

### 33.જૂથ સંઘર્ષ કોને કહેવાય?

- જ્યારે બે જૂથો વચ્ચે સંઘર્ષ હોય ત્યારે તેને 'જૂથ સંઘર્ષ" કહેવાય. દા. ત., બે જ્ઞાતિઓ વચ્ચેનો સંઘર્ષ.

### 34.આંતરિક સંઘર્ષ કોને કહેવાય?

- કોઈ જૂથના સભ્યો વચ્ચે પરસ્પર પ્રત્યક્ષ અથવા પરોક્ષ સંઘર્ષ મહોય તેવા સંઘર્ષને અંતરિક સંઘર્ષ કહેવાય. દા. ત., બે ભાઈઓ વચ્ચેનો સંઘર્ષ.

35.બાહ્ય સંઘર્ષ કોને કહેવાય ?

➢ જ્યારે કોઈ એક જૂથ બીજા જૂથ સાથેના સંઘર્ષમાં હોય ત્યારે તેને "બાહ્ય સંઘર્ષ' કહેવાય. બ. ત., બે કોમ વચ્ચેનો સંઘર્ષ.

36.સોરોકિનના મત મુજબ 'સામાજિક ગતિશીલતા' એટલે શું?

➢ સોરોકિનના મત મુજબ, વ્યક્તિ, સામાજિક વસ્તુ કે મુલ્યનું એક સામાજિક સ્થાનમાંથી બીજા સામાજિક સ્થાનમાં સ્થળાંતર એટલે સામાજિક ગતિશીલતા.

37.કિમ્બોલ યંગ સામાજિક ગતિશીલતાની કઈ વ્યાખ્યા આપે છે?

➢ કિમ્બોલ યંગ સામાજિક ગતિશીલતાની વ્યાખ્યા માપતાં જણાવે છે કે, સામાજિક ગતિશીલતા એટલે વર્ગ અથવા મોભો કે પ્રતિષ્ઠાના ક્રમમાં ઉપર અથવા નીચે તરફની ગતિ."

38.સામાજિક ગતિશીલતાનાં લક્ષણો જણાવો.

➢ સામાજિક ગતિશીલતાનાં ત્રણ લક્ષણો આ પ્રમાણે છે : (1) સાર્વત્રિકતા, (2) માત્રામાં તફાવત અને (3) દરજ્જામાં બદલાવ સૂચવતી પ્રક્રિયા.

39.કયા સમાજમાં ગતિશીલતા વધુ જોવા મળે છે?

➢ જ્ઞાતિવ્યવસ્થા કરતાં વર્ગવ્યવસ્થાવાળા સમાજમાં સામાજિક ગતિશીલતા વધુ જોવા મળે છે.

40.ઊભી ગતિશીલતાના કયા બે પ્રકાર છે?

➢ ઊભી ગતિશીલતાના આ બે પ્રકાર છેઃ (1) ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા અને (2) નિમ્નગામી ઊભી ગતિશીલતા.

41.ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કોને કહેવાય ?

➢ વ્યક્તિ કે જુથના સ્થાન પરિવર્તનની સાથે તેનું સ્તર પણ બદલાય અને મુળ સ્તર કરતાં ઉપરના સ્તરમાં સ્થાન મેળવે તેવી ગતિશીલતાને ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કહેવાય.

42.ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતાનાં કયાં બે સ્વરૂપો છે?

➢ ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતાનાં આ બે સ્વરૂપો છે :
(1)વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા અને (2) જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા.

43.વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કોને કહેવાય?

➢ નિમ્ન સ્તરની કોઈ વ્યક્તિ પોતાના સ્તરથી જુદા પડી ઉચ્ચ સ્તરમાં પ્રવેશે, તો તેને વ્યક્તિલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કહેવાય.

44.જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કોને કહેવાય?

➢ નિમ્ન સ્તરની વ્યક્તિઓનું કોઈ જૂથ ઉચ્ચ સ્તરમાં પ્રવેશે, તો તેને જૂથલક્ષી ઊર્ધ્વગામી ઊભી ગતિશીલતા કહેવાય.

45.નિમ્નગામી ઊભી ગતિશીલતા એટલે શું?

➢ નિમ્નગામી ઊભી ગતિશીલતામાં સ્થાન બદલાવાની સાથે બદલાતું સ્તર પોતાના મૂળ સ્તર કરતાં નિમ્ન હોય છે. આ ગતિશીલતામાં વ્યક્તિ કે જૂથ મૂળ સ્તરમાંથી નિમ્ન સ્તરમાં સ્થળાંતર કરે છે. આ પ્રકારની ગતિશીલતાને નિમ્નગામી ઊભી ગતિશીલતા કહે છે.

46.નિમ્નગામી ઊભી ગતિશીલતાનાં કયાં બે સ્વરૂપો છે?

➢ નિમ્નગામી ઊભી ગતિશીલતાનાં આ બે સ્વરૂપો છે :
(1)વ્યક્તિલક્ષી નિગ્નગામી ઊભી ગતિશીલતા અને (2) જૂથલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા.

47.વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા કોને કહેવાય?

➢ કોઈ વ્યક્તિ ઉચ્ચ સામાજિક દરજ્જામાંથી નિમ્ન સામાજિક દરજ્જામાં પ્રવેશે, તો તેને વ્યક્તિલક્ષી નિમ્નગામી ઊભી ગતિશીલતા કહેવાય.

48.જૂથલની નિમ્નગામી ઊભી ગતિશીલતા કોને કહેવાય?

➢ જ્યારે કોઈ જૂથ ઉચ્ચ સામાજિક દરજ્જાના સ્તરમાંથી નિમ્ન સામાજિક દરજ્જામાં પ્રવેશે તે ગતિશીલતાને જૂથલક્ષી નિગામી ઊભી ગતિશીલતા કહેવાય.

49.ડેવિસના મતે ‘સામાજિક પરિવર્તન’ એટલે શું?

➢ ડેવિસના મતે, “સામાજિક પરિવર્તન એટલે સામાજિક રચનાતંત્રમાં અને કાર્યમાં આવતું પરિવર્તન”

50.સામાજિક પરિવર્તનનાં સ્વરૂપો જણાવો.

➢ સામાજિક પરિવર્તનનાં ત્રણ સ્વરૂપો આ પ્રમાણે છે : (1) ઉત્ક્રાંતિ સ્વરૂપનું રેખીય પરિવર્તન, (2) આરોહ-અવરોહ સ્વરૂપનું પરિવર્તન અને (3) ચક્રીય સ્વરૂપનું પરિવર્તન.

51.ઉત્ક્રાંતિ સ્વરૂપનું રેખાંકિત પરિવર્તન કોને કહેવાય?

➢ જે પરિવર્તન સતત એક જ દિશામાં લગભગ સીધી પરંતુ ઊંચે જતી લીટીમાં આવતું હોય તેને ઉત્ક્રાંતિ સ્વરૂપનું રેખાંકિત પરિવર્તન કહેવાય.

## 52.આરોહ-અવરોહ સ્વરૂપનું પરિવર્તન કોને કહેવાય?

- એક દિશામાં કદી ઉપર જતું અને કદી નીચે જતું પરંતુ એકંદરે વિકાસ કરાવતા પરિવર્તનને આરોહ-અવરોહ સ્વરૂપનું પરિવર્તન કહેવાય .

## 53.ચક્રીય સ્વરૂપનું પરિવર્તન કોને કહેવાય?

- પાણીના તરંગ જેવું ઉપર-નીચે હિલોળા લેતું અથવા ચક્રની જેમ જ્યાંથી શરૂ થાય તે જ સ્થિતિ પાછી આવે તે સ્વરૂપના પરિવર્તનને ચક્રીય સ્વરૂપનું પરિવર્તન કહેવાય.